# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૭૯ | ૯ સપ્ટેમ્બર, ૨૦૧૬, શુક્રવાર ; ભાદરવા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




**તાપમાન**

મહત્તમ : ૩૨.૮ ડીગ્રી

લઘુતમ : ૨૪.૫ ડીગ્રી

ભેજ

સવારે ૮૪ ટકા ● સાંજે ૫૮ ટકા


**ગેરન્ટેડ ગિફ્ટ કુપન**

અહીંથી કાપો




# ઈનસેટ-૩ડીઆરનું સફળ લોન્ચિંગ

**હવામાન અંગેની માહિતી આપનાર સેટેલાઈટ સફળ રીતે લોન્ચ : આંધ્રપ્રદેશના હરીકોટા ખાતે સતિષ ધવન સ્પેશ સેન્ટર પરથી જીએસએલવી-એફ૦૫ની સફળ ઉડાણ : સ્વદેશી નિર્મિત ક્રાયોજનિક એન્જીનનો ઉપયોગ**



શ્રીહરીકોટા, તા.૮

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) એ આજે પોતાની યશકલગીમાં મોટી એક સફળતા હાંસલ કરી લીધી હતી. ઈસરોના લોન્ચને આજે સફળતા હાથ લાગી હતી. હવામાન અંગેની માહિતી આપનાર સેટેલાઈટ ઈનસેટ-૩ ડીઆરને સફળ રીતે લોન્ચ કરવામાં સફળતા હાથ લાગી હતી. આને જીએસએલવી-એમકે-૨ લોન્ચ વ્હીકલ મારફતે સફળ રીતે અંતરિક્ષ કક્ષામાં સ્થાપિત કરવામાં સફળતા મળી હતી. ગુરૂવારના દિવસે સાંજે દેશમાં ત્રીજા ખાસ હવામાન સાથે સંબંધિત ઉપગ્રહને છોડવામાં આવતા ઉપસ્થિતિ લોકમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. ઈનસેટ-૩ ડીઆર એડવાન્સ વેધર સેટેલાઈટ તરીકે છે. સાંજે ૪.૫૦ વાગે શ્રીહરિકોટામાં સતિષ ધવન સ્પેશ સેન્ટરથી જીએસએલવી-એફ ૦૫ એ ઉડાણ ભર્યાના ૧૭ મિનિટની અંદર જ ઈનસેટ-૩ડીઆર પરિભ્રમણ કક્ષામાં ગોઠવાઈ જતા સસ્પેન્સનો અંત આવ્યો હતો. મૂળભૂત રીતે લોન્ચની પ્રક્રિયા ૪.૧૦ વાગે શરૂ થનાર હતી પરંતુ ૪૦ મિનિટ મોડેથી આ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જીએસએલવીની આ ૧૦મી ફ્લાઈટ હતી. દેશી ક્રાયોજેનિક એન્જિન સીઈ-૭.૫

● અનુસંધાન પાન-૭ પર

## ૧૬ રાજ્યોની લીલીઝંડી બાદ જીએસટીને રાષ્ટ્રપતિની મંજુરી

નવી દિલ્હી,તા. ૮

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સાથે જોડાયેલા બંધારણીય સુધારા બિલને આજે લીલીઝંડી આપી દીધી હતી. આ અગાઉ ૧૬ રાજ્યોની વિધાનસભા દ્વારા આને મંજુરી આપી દેવામાં આવી છે. રાષ્ટ્રપતિની મંજુરી મળી ગયા બાદ હવે જીએસટીમાં દેશમાં લાગુ કરવા માટે આગળની પ્રક્રિયા માટેનો રસ્તો ખુલી ગયો છે. અત્રે નોંધનિય છે કે સંસદે ઓગષ્ટ મહિનામાં આને મંજુરી આપી હતી.

## દિલ્હી સરકારના ૨૧ સંસદીય સચિવોની નિમણૂંકો રદ

**નિયમો સાથે ચેડા કરીને નિમણૂંકો રદ કરાઈ : હવે કેન્દ્રિય ચૂંટણી પંચમાં સંસદીય સચિવ તરીકે નિમણૂંક પામેલા ૨૧ ધારાસભ્યો સામે ચાલતી તપાસ ઉપર અસર**

નવી દિલ્હી,તા. ૮

દિલ્હી હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલ સરકારને આજે મોટો ફટકો આપ્યો હતો અને ૨૧ સંસદીય સચિવોની નિમણૂકને રદ કરી દીધી હતી. કોર્ટે કહ્યું હતું કે નિયમોની સાથે ચેડાં કરીને આ નિમણૂંકો સચિવોની કરવામાં આવી હતી. કોર્ટે સંસદીય સચિવને લાભપ્રદ પદ ગણાવીને કહ્યું હતું કે આ નિમણૂંકો ઘણા પ્રશ્નો ઉઠાવે છે. આ નિર્ણયની સીધી અસર જોવા મળી શકે છે. કેન્દ્રિય ચૂંટણી પંચમાં સંસદીય સચિવ નિમણૂંક પામેલા આઈ ૨૧ ધારાસભ્યો પર હવે તપાસ ચાલી રહી છે. દિલ્હી સરકારે ૨૧ સંસદીય સચિવોની સભ્યપદને ખતમ કરવાના મામલો છેલ્લા કેટલાક દિવસથી ચૂંટણી પંચમાં ચાલી રહ્યો હતો. સરકારે પોતાના ૨૧ ધારાસભ્યોને જુદા જુદા વિભાગોમાં જોડાઈ જવા માટે તેમને સંસદીય સચિવનો દરજ્જો આપ્યો હતો. જેમની સામે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને અરજી મોકલવામાં આવી હતી. રાષ્ટ્રપતિએ મામલાની સુનાવણી પંચને આપી હતી અને પંચમાં આ સુનાવણી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. દિલ્હી હાઈકોર્ટના આ ચુકાદાની સીધી અસર ચૂંટણી પંચમાં ચાલી રહેલી તપાસ ઉપર થશે. આનાથી આમ આદમી પાર્ટીના ૨૧ ધારાસભ્યોની સભ્યપદ સામે ખતરો ઉભો થઈ ગયો છે. ચૂંટણી પંચે થોડાક દિવસ પહેલા જ દિલ્હી સરકારના ચીફ સેક્રેટરી કેકે શર્માને પત્ર લખીને ઘણી બધી બાબતો અંગે વાત કરી હતી. તેમને આ ૨૧ સંસદીય સચિવોને આપવામાં આવેલી સુવિધાઓના સંદર્ભમાં માહિતી પણ માંગી હતી. સૂત્રોનું કહેવું છે કે આમાં તેમને આપવામાં આવેલા ઓફિસો અને ત્યાં આપવામાં આવેલી સુવિધાઓ અંગે માહિતી માંગી હતી.

# નવજોત સિદ્ધુનો નવો પક્ષ 'આવાજ-એ-પંજાબ'

**પંજાબમાં સિધ્ધુએ નવો મોરચો ખોલ્યો : કેજરીવાલ પર પ્રહારો : કેજરીવાલને માત્ર યસ મેન કહેનારની જરૂર હતી : કેજરીવાલે ટ્વીટર ઉપર અડધી માહિતી આપી હતી : કેજરીવાલ પણ ઈચ્છતા હતા કે સિધ્ધુ ચૂંટણી ન લડે પરંતુ સિધ્ધુના પત્ની ચૂંટણી લડે : નવજોત સિધ્ધુ**



ચંદીગઢ, તા.૮

રાજ્યસભાના સભ્ય પદને છોડીનાર ભાજપના પૂર્વ નેતા નવજોત સિધ્ધુએ આજે આવાજે પંજાબ નામથી નવા મોરચાની વિધિવત રીતે શરૂઆત કરી દીધી હતી. નવજોત સિધ્ધુએ નવા મોરચાની શરૂઆત કરતા ભાજપ-અકાલીદળ-એએપી ઉપર આકરા પ્રહાર કર્યા હતા. વિધાનસભા ચૂંટણી પહેલા પંજાબમાં નવા મોરચાના લોન્ચની સાથે જે સિધ્ધુએ રાજ્યની અકાલી-ભાજપ સરકારને લઈને આમ આદમી પાર્ટી સુધી જોરદાર પ્રહારો કર્યા હતા. સિધ્ધુએ આ દરમિયાન દિલ્હીના

● અનુસંધાન પાન-૭ પર

# પાટીદાર અભિવાદન કાર્યક્રમમાં હોબાળો

**ખુરશીઓ ઉછળી : ટોળાને કાબૂમાં લેવા ટીયરગેસના સેલ છોડાયા : અનેકની અટકાયત : ભાજપ પ્રમુખ અમિત શાહ-મુખ્યમંત્રી વિજય રૂપાણીને કાર્યક્રમની શરૂઆતમાં જ ડોમમાં પાછળની બાજુએ હોબાળો થતાં ભાષણને ટુંકાવવાની ફરજ પડી**

સુરત, તા.૮

ભાજપના હાઈવોલ્ટેજ પાટીદાર અભિવાદન કાર્યક્રમમાં ભારે હોબાળો મચી જતાં ભાજપને પીછેહઠનો સામનો કરવો પડ્યો હતો અને ફરી એકવાર પાટીદારોની નારાજગી જાહેરમાં આવી ગઈ હતી. પાટીદાર અભિવાદન કાર્યક્રમ ચાલી રહ્યો હતો ત્યારે કાર્યક્રમની શરૂઆતમાં ડોમમાં પાછળની બાજુએ હોબાળો જોવા મળ્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીને માત્ર બે મિનિટ અને ભાજપ પ્રમુખ અમિત શાહને ચાર મિનિટમાં તેમના ભાષણને ટુંકાવી દેવાની ફરજ પડી હતી. આ કાર્યક્રમનો ફ્લોપ શો રહેતા ભાજપના ટોચના નેતાઓમાં



નારાજગી જોવા મળી હતી. ભાજપ પ્રમુખ અમિત શાહે પણ આયોજનને લઈને અંદરખાને નારાજગી વ્યક્ત કરી હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ કેટલીક જગ્યાઓએ કાર્યક્રમ બાદ તોફાનો પણ થયા હતા. જેના ભાગરુપે બીઆરટીએસ બસ સેવાને બંધ કરવામાં આવી હતી. કાર્યક્રમ સ્થળ નજીક સ્થિતિને કાબૂમાં લેવા ટીયરગેસના સેલ છોડવા અને ટોળાને વિખેરવા પ્રયાસ કરવાની પોલીસને ફરજ પડી હતી. ત્રણેક કલાકનો કાર્યક્રમ ખુરશીઓ ઉછળતાં અને નારેબાજી થતાં માત્ર પોણા કલાકની અંદર પૂર્ણ થઈ ગયો હતો. રાજસ્વી પાટીદાર સમારોહમાં મંચ પર પાટીદાર નેતાઓનું સન્માન સમારોહ ચાલી રહ્યો હતો. નેતાઓ સ્ટેજ પરથી ભાષણો આપી રહ્યાં હતા. તો બીજી તરફ ડોમમાં પાછળની બાજુ કાર્યક્રમનો વિરોધ કરતાં પાટીદારોએ ઉત્પાત મચાવ્યો હતો અને ખુરશીઓ ઉછાળવાની સાથે સાથે ટોપીઓ ઉછાળી નારેબાજી કરી હલ્લાબોલ કર્યો હતો. જેને પોલીસે અટકાયતમાં લઈને કાર્યક્રમ સ્થળથી દુર લઈ ગઈ હતી. કાર્યક્રમ સ્થળ તરફ જતાં લોકો પર વિરોધ કરતાં પાટીદારોએ પથ્થરમારો કર્યો હતો. લોકોએ પથ્થર મારો કરતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો ત્યારે પોલીસની ખાનગી કાર પર પણ પથ્થરમારો કરીને કાચ તોડી નાખવામાં આવ્યાં હતા. જેથી પોલીસનો વધુ કાફલો ઘટના સ્થળે પહોંચી જઈને ૧ ટીયરગેસનો સેલ છોડી ટોળાના વિખેરવા પ્રયાસ કર્યો હતો. બીજી તરફ કેટલાક લોકોની પણ અટકાયત કરવામાં આવી હતી.

## અમિત શાહએ ચાર અને રૂપાણીએ બે મિનિટમાં ભાષણને પતાવ્યું

સુરત, તા. ૮

સુરતમાં હાઈવોલ્ટેજ ભાજપના પાટીદાર અભિવાદન કાર્યક્રમમાં હોબાળો થતાં અમિત શાહ અને મુખ્યમંત્રી વિજય રૂપાણીને તેમના ભાષણ મિનિટોમાં જ ટુંકાવી દેવાની ફરજ પડી હતી. ત્રણ કલાકના કાર્યક્રમને માત્ર પોણા કલાકની અંદર જ સમેટી લેવાની ફરજ પડી હતી. પોતાના સંબોધનમાં ભાજપ પ્રમુખ અમિત શાહે કહ્યું હતું કે, પાટીદારો વર્ષોથી ભાજપની સાથે રહ્યા છે. ભાજપની મજબૂતી અને ગુજરાતના વિકાસમાં તેમની ભૂમિકા રહી છે. પાટીદાર સમાજના લોકો વર્ષો ભાજપની સાથે રહ્યા છે અને આજે પણ તેમની સાથે રહ્યા છે. આવનાર દિવસોમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે મળીને કામ કરશે. ભાજપને આગળ લાવવામાં પાટીદાર સમાજનો સિંહફાળો રહ્યો છે. બીજી બાજુ વિજય રૂપાણીએ પણ બિલકુલ ટુંકમાં નિવેદન કરીને તેમનું ભાષણ સમેટી લીધું હતું.








